રાજયની યુનિવર્સિટીઓ અને યુનિવર્સિટી સંલગ્ન સરકારી અને બિનસરકારી અનુદાનિત કોલેજોના શૈક્ષણિક કર્મચારીઓને કેન્દ્રીય સાતમા પગારપંચ/યુ.જી.સી. ની ભલામણ મુજબ પગારસુધારણાનો લાભ આપવા બાબત

05 FEB 2019
શાખા :
કલાર્કની સહી : 1458

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ પગર/૧૦૧૮/૧૯૨/ખ
સચિવાલય, ગાંધીનગર
તા.૦૧.૦૨.૨૦૧૯

વંચાણે લીધા:

૧. શિક્ષણ વિભાગનો તા.૧૧.૧૧.૨૦૦૯ નો ઠરાવ ક્રમાંક: એનજીસી/૧૧૨૦૦૯/ ૩૭૩૪/ખ
૨. શિક્ષણ વિભાગનો તા.૦૪.૧૨.૨૦૦૯ નો ઠરાવ ક્રમાંક: એનજીસી/૧૧૨૦૦૯/ ૩૭૩૪/ખ (પાર્ટ ફાઇલ)
૩. મિનિસ્ટ્રી ઓફ હ્યુમન રીસોર્સ ડેવેલોપમેન્ટ, ડિપાર્ટમેન્ટ ઓફ હાયર એજ્યુકેશન, ભારત સરકારના તા.૦૨.૧૧.૨૦૧૭ ના પત્ર ક્રમાંક: 1-7/2015-U.II(1)
૪. યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન, નવી દિલ્લીના તા.૦૧.૦૨.૨૦૧૮ ના પત્રક્રમાંક: 23-4/2017(PS)
૫. ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરીના તા.૩૧.૦૩.૨૦૧૮ ના પત્ર ક્રમાંક: કવટ/IJC-9/7th pay/૨૦૧૮/૮૯૩૦ અને તા.૧૦.૧૦.૨૦૧૮ નો પત્ર ક્રમાંક: કવટ/IJC-9/7th pay/૨૦૧૮/૨૭૮૩૬

આમુખ:

રાજયની યુનિવર્સિટીઓ અને યુનિવર્સિટી સંલગ્ન સરકારી અને બિનસરકારી અનુદાનિત કોલેજોના શૈક્ષણિક કર્મચારીઓને વંચાણે લીધેલ ક્રમાંક: (૧) અને (૨) પરના ઠરાવથી યુ.જી.સી. મુજબ છઠ્ઠા પગાર પંચ મુજબ પગાર ધોરણો મંજૂર કરવામાં આવેલ હતા. આ કર્મચારીઓને ભારત સરકારના વંચાણે લીધેલ ક્રમાંક: (3) અને યુ.જી.સી.ના વંચાણે લીધેલ ક્રમાંક: (૪) ના પત્રમાં જણાવેલ વિગતે કેન્દ્રીય સાતમા પગારપંચ/યુ.જી.સી.ની ભલામણ મુજબ પગાર સુધારણાનો લાભ આપવા ઉચ્ચ શિક્ષણ

કમિશ્નર કચેરીએ વંચાણે લીધેલ ક્રમાંક: (૫) ના પત્રોથી દરખાસ્ત કરી હતી. જે રાજય સરકારની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ :

૨. પુખ્ત વિચારણાને અંતે, રાજયની યુનિવર્સિટીઓ અને યુનિવર્સિટી સંલગ્ન સરકારી અને બિનસરકારી અનુદાનિત કોલેજોના શૈક્ષણિક કર્મચારીઓને ભારત સરકારના વંચાણે લીધેલ ક્રમાંક: (૩) અને યુ.જી.સી.ના વંચાણે લીધેલ ક્રમાંક: (૪) ના પત્રમાં જણાવેલ વિગતે આ સાથે સામેલ પત્રક મુજબ કેન્દ્રીય સાતમા પગારપંચ/યુ.જી.સી.ની ભલામણ મુજબ તા.૦૧.૦૧.૨૦૧૬ થી પગારસુધારણાનો લાભ સ્કેલ ટુ સ્કેલ ધોરણે આપવા માટે નીચે જણાવેલ શરતોને આધિન મંજૂરી આપવામાં આવે છે.

શરતો:

(૧) યુનિવર્સિટી અને યુનિવર્સિટી સંલગ્ન સરકારી તથા બિનસરકારી અનુદાનિત કોલેજોના શૈક્ષણિક કર્મચારીઓને ભારત સરકાર દ્વારા સાતમા પગાર પંચના અમલ સંદર્ભે બહાર પાડેલ તા.૦૨.૧૧.૨૦૧૭ ની માર્ગદર્શિકા મુજબ તા.૦૧.૦૧.૨૦૧૬ થી સ્કેલ ટુ સ્કેલના ધોરણે પગાર સુધારણાનો લાભ આ ઠરાવ સાથે સામેલ પત્રકમાં દર્શાવ્યા મુજબના સંવર્ગોને જ મંજૂર કરવાનો રહેશે.

(૨) તા.૦૧.૦૧.૨૦૧૬ થી તા.૩૧.૧૨.૨૦૧૮ સુધીના માસનું એરિયર્સ ભારત સરકાર તરફથી મળવાપાત્ર તફાવતની રકમ મળે ત્યાર બાદ રાજય સરકાર નિયત કરે તે મુજબ ચૂકવવાનું રહેશે અને તા.૦૧.૦૧.૨૦૧૯ થી અમલમાં આવે તે રીતે તે જાન્યુ-૨૦૧૯ મહિનાનો પગાર સાતમા પગારપંચની ગણતરી પ્રમાણે ચૂકવવાનો રહેશે.

(૩) ઠરાવ સાથેના પત્રકમાં દર્શાવેલ સંવર્ગો સિવાયની અન્ય કોઇ પણ જગ્યાઓને પગાર સુધારણાનો લાભ આપી શકાશે નહી. તેમજ આ પગાર સુધારણા ભારત સરકારના તા.૦૨.૧૧.૨૦૧૭ ના પત્રમાં જણાવેલ શરતો, જોગવાઇઓ અને શૈક્ષણિક લાયકાતને આધિન રહેશે.

(૪) રાજય સરકારની મંજૂરી વગર ઊભી કરવામાં આવેલ કે ભરવામાં આવેલ જગ્યાઓ, કરાર આધારે ફીક્સ પગારથી કે આઉટસોર્સીંગથી ભરેલ જગ્યાઓને પગાર સુધારણાનો લાભ મળવાપાત્ર થશે નહી કે તે જગ્યાઓને અનુદાનિત જગ્યાઓમાં તબદીલ કરી શકાશે નહી. અધ્યાપક સહાયકની ફીક્સ પગાર અને ત્યારબાદ નિયત પગાર ધોરણની યોજના હેઠળ સરકારની મંજૂરીથી ઊભી થયેલ અને સરકારની મંજૂરીથી ભરવામાં આવેલ જગ્યાઓને, અનુદાનિત મહેકમની

જગ્યાઓની મર્યાદામાં, નિયત વર્ષોની ફીક્સ પગારની સેવા પૂર્ણ થયેથી અન્ય શરતોને આધિન આ પગાર સુધારણાનો લાભ મંજૂર કરી શકાશે.

(૫) રાજય સરકારના નિર્ણય અનુસાર પ્રસ્તુત કિસ્સામાં પણ મળવાપાત્ર મોંઘવારી ભથ્થા સિવાયના અન્ય તમામ ભથ્થા તેમજ લાભો વિદ્યમાન છઠ્ઠા પગાર પંચ મુજબના પગાર ઉપર અને મળવાપાત્ર દર મુજબ જ રાજય સરકારના નિયમો મુજબ મળવાપાત્ર થશે. અન્ય ભથ્થાઓ બાબતે રાજય સરકાર દ્વારા યોગ્ય તે હુકમો થાય ત્યાર બાદ જ વિચારણા કરવાની થશે.

(૬) રાજય સરકારની મંજૂરી વિના હવે પછી યુનિવર્સિટી, સરકારી કોલેજો અને બિન સરકારી કોલેજો પોતાની રીતે સિન્ડીકેટમાં ઠરાવ કરીને કોઇ જગ્યા ઊભી કરી શકશે નહી અને તેને સાતમા પગારપંચ મુજબનો પગાર/પગાર સુધારણા મંજૂર કરી શક્શે નહી. રાજય સરકારની મંજૂરીથી ઊભી કરવામાં આવેલ જગ્યાઓને અને નિયત ભરતી નિયમોની જોગવાઇઓ અને નિયત ભરતી પ્રક્રિયા અનુસાર કરવામાં આવેલ જગ્યાઓને જ આ લાભ મળવાપાત્ર રહેશે. આ સિવાય યુનિવર્સિટી કે કોલેજ દ્વારા પોતાની સત્તાનો ઉપયોગ કરીને કોઇ કાર્યવાહી કરશે તો સંબંધિત વાઇસ ચાન્સેલર તેમજ રજીસ્ટારની જવાબદારી નક્કી કરવાની રહેશે.

(૭) યુનિવર્સિટી અને યુનિવર્સિટી સંલગ્ન સરકારી તથા બિનસરકારી અનુદાનિત કોલેજો દ્વારા રાજય સરકારની કરકસરની નીતિનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે. નવી જગ્યાઓ ઊભી કરવા તેમજ ભરવા માટે યોગ્ય કક્ષાએ મંજૂરી લેવાની રહેશે.

(૮) તા.૦૧.૦૧.૨૦૧૬ બાદ મળવાપાત્ર થતા કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમ મુજબના લાભો હાલમાં મંજૂર કરવાના રહેશે નહી. ઉક્ત બાબતે શિક્ષણ વિભાગ મારફત નાણા વિભાગની અલગથી મંજૂરી મેળવવા અંગેની કાર્યવાહી કરવાની રહેશે.

(૯) રાજય સરકાર/યુજીસી દ્વારા વખતોવખત બહાર પાડવામાં આવતા શૈક્ષણિક લાયકાતની જોગવાઇ, ગુણવત્તાના માપદંડો, શૈક્ષણિક કામકાજ માટેના દિવસો, ધોરણો વગેરેનો અમલ કરવાનો રહેશે.

(૧૦) યુનિવર્સિટી અને યુનિવર્સિટી સંલગ્ન સરકારી તથા બિનસરકારી અનુદાનિત કોલેજોના તમામ શિક્ષણકોનું પે ફિક્સેશન આઇ.એફ.એમ.એસ. સિસ્ટમ દ્વારા ફરજિયાત કરવાનું રહેશે.

(૧૧) પગાર બાંધણી તેમજ તેને લગતી અન્ય સૂચનાઓ ગુજરાત રાજય સેવા(પગાર સુધારણા) નિયમો-૨૦૧૬ મુજબની રહેશે. અન્ય કોઇ અર્થઘટનનો કે અમલનો પ્રશ્ન ઊભો થાય તો નાણા વિભાગનો અવશ્ય પરામર્શ કરીને નિર્ણય કરવાનો રહેશે.

(૧૨) સરકારી કર્મચારીઓને મળવાપાત્ર થતા ભથ્થાઓ/લાભ અંગેના હુકમો અનુદાનિત યુનિવર્સિટીઓના/કોલેજોના કર્મચારીઓને સીધે સીધા લાગુ પડતા નથી આથી

આવા કોઇ હુકમોમાં તે લાભ આપવા અંગે સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવેલ ન હોય ત્યારે તેનો અમલ કરતા પહેલા રાજય સરકારની અવશ્ય મંજૂરી મેળવવાની રહેશે. ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરી કે યુનિવર્સિટી દ્વારા તેનો સીધે સીધો અમલ કરવાનો રહેશે નહી.

(૧૩) ઠરાવ સાથેના સામેલ પત્રકમાં દર્શાવવામાં આવેલ સંવર્ગ તેમજ તેના પગાર ધોરણો પણ સંબંધિત યુનિવર્સિટી-કોલેજો દ્વારા ચકાસવાના રહેશે અને સ્કેલ ટુ સ્કેલ મુજબ યોગ્ય જણાયે જ પગાર બાંધણી કરવાની રહેશે. તેમાં વિસંગતતા જણાયે પુનઃ દરખાસ્ત કરી મંજૂરી મેળવવાની રહેશે. યુનિવર્સિટી કે ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરી દ્વારા કોઇ પણ જગ્યાના નામાભિધાન કે પગાર ધોરણમાં કોઇ ફેરફાર કરી શકાશે નહી.

(૧૪) તા.૦૧.૦૧.૨૦૧૬ ના રોજ કે ત્યારબાદ નિવૃત્ત થયેલા શિક્ષકોને પણ નિયમોનુસાર સાતમા પગાર પંચ મુજબ પગાર ધોરણ (ગ્રેડ પેને અનુરૂપ પે મેટ્રીક્સના લેવલમાં મળવાપાત્ર પગાર) તથા તે મુજબના નિવૃત્તિ લાભો નિયમ મુજબ મળવાપાત્ર થતા હશે તો તે પગાર ચકાસણી થયા બાદ ચૂકવવાના રહેશે.

(૧૫) છઠ્ઠા પગાર પંચ મુજબની પગાર બાંધણીની ચકાસણી સક્ષમ સત્તાધિકારી દ્વારા કરવામાં આવેલ હોય તેવા કર્મચારીઓની જ સાતમા પગાર પંચ પ્રમાણે ઓનલાઇન પગાર બાંધણી કરવાની રહેશે. પગાર બાંધણીની ચકાસણી બાકી હોય તેવા કર્મચારીઓની સાતમા પગાર પંચ મુજબ પગાર બાંધણી થઇ શકશે નહીં. જો તેવા કર્મચારીઓની પગાર બાંધણી કરી સાતમા પગાર પંચ મુજબ પગાર આકારવામાં આવશે તો તે અંગે સંબંધિત અધિકારીની જવાબદારી નક્કી કરવાની રહેશે.

(૧૬) ઉપર વંચાણે લીધેલા ક્રમ-(૩) સામેના ભારત સરકારના તા.૦૨.૧૧.૨૦૧૭ ના પત્રના ફકરા-૪ તેમજ વખતોવખત મુજબ આચાર્યોની ભરતી બાબતે જે જોગવાઇ કરવામાં આવેલ છે તે મુજબ જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.

(૧૭) શિક્ષણ વિભાગના તા.૩૧.૧૦.૨૦૧૦ ના ઠરાવ ક્રમાંક:ગજય-૧૩૧૦-૧૯૯૦-ખ ની વિગતો ધ્યાને રાખીને તે ઠરાવમાં દર્શાવેલ સંવર્ગોને પણ સાતમા પગાર પંચમાં લાભ આપવાનો રહેશે. આ ઠરાવ સાથે સામેલ પત્રકના ક્રમ-૧૬ પરની "ડેપ્યુટી ડાયરેક્ટર ફિઝિકલ એજ્યુકેશન" ની જગ્યાને આ લાભ આપવાનો થશે નહીં.

(૧૮) યુનિવર્સિટી-કોલેજોના શિક્ષકો દ્વારા સાતમા પગાર પંચ મુજબ પગાર સુધારણા/પગાર બાંધણી અંગે નિયત નમૂનામાં વિકલ્પ આપી શકશે અને સંબંધિત કચેરી દ્વારા કર્મચારીઓ પાસેથી વિકલ્પ મેળવ્યા બાદ જ વિકલ્પ મુજબ તે તારીખથી પગાર બાંધણી કરવાની રહેશે. એકવાર આપવામાં આવેલ વિકલ્પ

આખરી ગણવાનો રહેશે. શિક્ષકો પાસેથી નિયત નમૂના મુજબના બાંહેધરીપત્રકમાં બાંહેધરી મેળવવાની રહેશે.

૩. આ હુકમો સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૦૧.૦૧.૨૦૧૯ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અશોકસિંહ પરમાર)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

**ઇ-જ્ઞાન મારફત**

કવટ/IJC-9/7th pay/૨૦૧૮/૫૬૭૫-૫૭૦૪
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી,
બ્લોક નં:૧૨, બીજો માળ,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર.
તા.૨૧.૦૨.૨૦૧૯

૨/- શિક્ષણ વિભાગ, ગાંધીનગરનાં ઠરાવ ક્રમાંક:પગર/૧૦૧૮/૧૯૨/ખ, તા.૦૧.૦૨.૨૦૧૯ થી જણાવેલ તમામ સૂચનાઓ અનુસાર જરૂરી કાર્યવાહી કરવા સારૂ.

સંયુક્ત શિક્ષણ નિયામક(કોલેજ)
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી,
ગુ.રા., ગાંધીનગર

**નકલ રવાના:- જાણ તથા જરૂરી અમલવારી સારૂ**

પ્રતિ,

- આચાર્યશ્રી, બિન સરકારી અનુદાનિત કોલેજો, તમામ
- નાયબ નિયામકશ્રી, સીધા પગાર શાખા, આ કચેરી.
- શ્રેયાન અધિક્ષકશ્રી, ગ્રાન્ટ શાખા, આ કચેરી
- શ્રેયાન અધિક્ષકશ્રી, ઓડિટ શાખા, આ કચેરી.

**નકલ સવિનય રવાના:- જાણ સારૂ**

પ્રતિ,

- નાયબ સચિવશ્રી,
  શિક્ષણ વિભાગ, ખ શાખા, બ્લોક નં.૫/૭, સચિવાલય, ગાંધીનગર

## શિક્ષણ વિભાગના તા.૦૧.૦૨.૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક:પગર/૧૦૧૮/૧૯૨/ખ સાથેનું પત્રક

### રાજ્યની સરકારી કોલેજો / યુનિવર્સિટીઓ / યુનિવર્સિટી સંલગ્ન બિનસરકારી અનુદાનિત કોલેજોના શિક્ષકો

| ક્રમ | હોદ્દો (જગ્યાનું નામ ) | હાલનું પગાર ધોરણ શિક્ષણ વિભાગના તા.૧૧.૧૧.૨૦૦૯ના ઠરાવ મુજબ (યુ.જી.સી. મુજબ) | | ભારત સરકારનાં તા.૦૨.૧૧.૨૦૧૭ નાં પત્ર મુજબ (યુ.જી.સી. મુજબ) મંજૂર કરવા પાત્ર પગાર ધોરણ (તા.૦૧.૦૧.૨૦૧૬ થી) |
|---|---|---|---|---|
| | | પે-બેન્ડ | એકેડમિક ગ્રેડ પે | એકેડેમિક લેવલ અને એન્ટ્રી પે |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | આસી. પ્રોફેસર | ૧૫૬૦૦-૩૯૧૦૦ | ૬૦૦૦ | એકેડેમિક લેવલ-૧૦, રૂ. ૫૭૭૦૦/- |
| ૨ | આસી. પ્રોફેસર | ૧૫૬૦૦-૩૯૧૦૦ | ૭૦૦૦ | એકેડેમિક લેવલ-૧૧, રૂ. ૬૮૯૦૦/- |
| ૩ | આસી. પ્રોફેસર | ૧૫૬૦૦-૩૯૧૦૦ | ૮૦૦૦ | એકેડેમિક લેવલ-૧૨, રૂ. ૭૯૮૦૦/- |
| ૪ | એસોસીયટ પ્રોફેસર | ૩૭૪૦૦-૬૭૦૦૦ | ૯૦૦૦ | એકેડેમિક લેવલ-૧૩એ, રૂ. ૧૩૧૪૦૦/- |
| ૫ | પ્રોફેસર | ૩૭૪૦૦-૬૭૦૦૦ | ૧૦૦૦૦ | એકેડેમિક લેવલ-૧૪, રૂ. ૧૪૪૨૦૦/- |
| | પ્રોફેસર (HAG Scale) | ૩૭૪૦૦-૬૭૦૦૦/૬૭૦૦૦-૭૯૦૦૦) | ૧૨૦૦૦ | એકેડેમિક લેવલ-૧૫, રૂ. ૧૮૨૨૦૦/- |
| ૬ | આચાર્ય (યુજી કોલેજ) | ૩૭૪૦૦-૬૭૦૦૦ | ૧૦૦૦૦ | એકેડેમિક લેવલ-૧૩એ, રૂ. ૧૩૧૪૦૦/- વત્તા હાલ મુજબ રૂ.૨૦૦૦ દર મહિને ખાસ પગાર |
| ૭ | આચાર્ય (પીજી કોલેજ ) | ૩૭૪૦૦-૬૭૦૦૦ | ૧૦૦૦૦ | એકેડેમિક લેવલ-૧૪, રૂ. ૧૪૪૨૦૦/- વત્તા હાલ મુજબ રૂ.૩૦૦૦ દર મહિને ખાસ પગાર |

# યુનિવર્સિટી માટે (પી.જી. કોલેજ)

| ક્રમ | હોદ્દો (જગ્યાનું નામ ) | હાલનું પગાર ધોરણ શિક્ષણ વિભાગના તા.૧૧.૧૧.૨૦૦૯ના ઠરાવ મુજબ (યુ.જી.સી. મુજબ) | | ભારત સરકારનાં તા.૦૨.૧૧.૨૦૧૭ નાં પત્ર મુજબ (યુ.જી.સી. મુજબ) મંજૂર કરવા પાત્ર પગાર ધોરણ (તા.૦૧.૦૧.૨૦૧૬ થી) |
|---|---|---|---|---|
| | | પે-બેન્ડ | એકેડમિક ગ્રેડ પે | એકેડમિક લેવલ અને એન્ટ્રી પે |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૮ | આસી. લાયબ્રેરીયન | ૧૫૬૦૦-૩૯૧૦૦ | ૬૦૦૦ | એકેડમિક લેવલ-૧૦, રૂ. ૫૭૭૦૦/- |
| ૯ | આસી. લાયબ્રેરીયન (સિનિ.સ્કેલ) | ૧૫૬૦૦-૩૯૧૦૦ | ૭૦૦૦ | એકેડમિક લેવલ-૧૧, રૂ. ૬૮૯૦૦/- |
| ૧૦ | આસી. લાયબ્રેરીયન (સિલે. ગ્રેડ) | ૧૫૬૦૦-૩૯૧૦૦ | ૮૦૦૦ | એકેડમિક લેવલ-૧૨, રૂ. ૭૯૮૦૦/- |
| ૧૧ | ડેપ્યુટી. લાયબ્રેરિયન | ૧૫૬૦૦-૩૯૧૦૦ | ૮૦૦૦ | એકેડમિક લેવલ-૧૨, રૂ. ૭૯૮૦૦/- |
| ૧૨ | યુનિ. લાયબ્રેરીયન | ૩૭૪૦૦-૬૭૦૦૦ | ૧૦૦૦૦ | એકેડમિક લેવલ-૧૪, રૂ. ૧૪૪૨૦૦/- |
| ૧૩ | આસી. ડાયરેક્ટર ઑફ ફીઝીકલ એજ્યુ. | ૧૫૬૦૦-૩૯૧૦૦ | ૬૦૦૦ | એકેડમિક લેવલ-૧૦, રૂ. ૫૭૭૦૦/- |
| ૧૪ | આસી. ડાયરેક્ટર ઑફ ફીઝીકલ એજ્યુ. (સિનિ.સ્કેલ) | ૧૫૬૦૦-૩૯૧૦૦ | ૭૦૦૦ | એકેડમિક લેવલ-૧૧, રૂ. ૬૮૯૦૦/- |
| ૧૫ | આસી. ડાયરેક્ટર ઑફ ફીઝીકલ એજ્યુ. (સિલે. ગ્રેડ) | ૧૫૬૦૦-૩૯૧૦૦ | ૮૦૦૦ | એકેડમિક લેવલ-૧૨, રૂ. ૭૯૮૦૦/- |
| ૧૬ | ડેપ્યુ. ડાયરેક્ટર ઑફ ફીઝીકલ એજ્યુ | ૩૭૪૦૦-૬૭૦૦૦ | ૯૦૦૦ | લાભ આપવાનો નથી. |
| ૧૭ | ડાયરેક્ટર ઑફ ફીઝીકલ એજ્યુ. (નિયામક, શારીરિક શિક્ષણ) | ૩૭૪૦૦-૬૭૦૦૦ | ૧૦૦૦૦ | એકેડમિક લેવલ-૧૪, રૂ. ૧૪૪૨૦૦/- |

# કોલેજો માટે

| ક્રમ | હોદ્દો (જગ્યાનું નામ ) | હાલનું પગાર ધોરણ શિક્ષણ વિભાગના તા.૧૧.૧૧.૨૦૦૯ના ઠરાવ મુજબ (યુ.જી.સી. મુજબ) | | ભારત સરકારનાં તા.૦૨.૧૧.૨૦૧૭ નાં પત્ર મુજબ (યુ.જી.સી. મુજબ) મંજૂર કરવા પાત્ર પગાર ધોરણ (તા.૦૧.૦૧.૨૦૧૬ થી) |
|---|---|---|---|---|
| | | પે-બેન્ડ | એકેડમિક ગ્રેડ પે | એકેડેમિક લેવલ અને એન્ટ્રી પે |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧૮ | કોલેજ લાયબ્રેરીયન (સિલે. ગ્રેડ) | ૧૫૬૦૦-૩૯૧૦૦ | ૮૦૦૦ | એકેડમિક લેવલ-૧૨, રૂ. ૭૯૮૦૦/- |
| ૧૯ | કોલેજ લાયબ્રેરીયન (સિનિ.સ્કેલ) | ૧૫૬૦૦-૩૯૧૦૦ | ૭૦૦૦ | એકેડમિક લેવલ-૧૧, રૂ. ૬૮૯૦૦/- |
| ૨૦ | કોલેજ લાયબ્રેરીયન | ૧૫૬૦૦-૩૯૧૦૦ | ૬૦૦૦ | એકેડમિક લેવલ-૧૦, રૂ. ૫૭૭૦૦/- |
| ૨૧ | કોલેજ ડાયરેક્ટર ઓફ ફીઝીકલ એજ્યુ. (સિલે. ગ્રેડ) | ૩૭૪૦૦-૬૭૦૦૦ | ૯૦૦૦ | એકેડમિક લેવલ-૧૩એ, રૂ. ૧૩૧૪૦૦/- |
| ૨૧(૧) | કોલેજ ડાયરેક્ટર ઓફ ફીઝીકલ એજ્યુ. (સિલે. ગ્રેડ) | ૧૫૬૦૦-૩૯૧૦૦ | ૮૦૦૦ | એકેડમિક લેવલ-૧૨, રૂ. ૭૯૮૦૦/- |
| ૨૨ | કોલેજ ડાયરેક્ટર ઓફ ફીઝીકલ એજ્યુ. (સિનિ.સ્કેલ) | ૧૫૬૦૦-૩૯૧૦૦ | ૭૦૦૦ | એકેડમિક લેવલ-૧૧, રૂ. ૬૮૯૦૦/- |
| ૨૩ | કોલેજ ડાયરેક્ટર ઓફ ફીઝીકલ એજ્યુ. | ૧૫૬૦૦-૩૯૧૦૦ | ૬૦૦૦ | એકેડમિક લેવલ-૧૦, રૂ. ૫૭૭૦૦/- |

# રાજ્યની યુનિવર્સિટીનાં ઉપકુલપતિ/કુલપતિનાં પગારની વિગત

| ક્રમ | હોદ્દો (જગ્યાનું નામ ) | હાલનું પગાર ધોરણ શિક્ષણ વિભાગના તા.૧૧.૧૧.૨૦૦૯ના ઠરાવ મુજબ (યુ.જી.સી. મુજબ) | | ભારત સરકારનાં તા.૦૨.૧૧.૨૦૧૭ નાં પત્ર મુજબ (યુ.જી.સી. મુજબ) મંજૂર કરવા પાત્ર પગાર ધોરણ (તા.૦૧.૦૧.૨૦૧૬ થી) |
|---|---|---|---|---|
| | | પે-બેન્ડ | એકેડમિક ગ્રેડ પે | એકેડમિક લેવલ અને એન્ટ્રી પે |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૨૪ | પ્રો-વાઇસ ચાન્સેલર (ઉપ-કુલપતિ) | ૩૭૪૦૦-૬૭૦૦૦ | ૧૦૦૦૦ ગ્રેડ પે વત્તા ૪૦૦૦ ખાસ પગાર મહિને કુલ પગાર રૂ.૮૦૦૦૦ થી વધે નહી તે રીતે | એકેડમિક લેવલ-૧૪ માં ફીક્સ કરવો, વત્તા ૪૦૦૦ ખાસ પગાર મહિને |
| ૨૫ | વાઇસ ચાન્સેલર (કુલપતિ) | ૭૫૦૦૦- ફીક્સ પગાર + ૫૦૦૦ ખાસ ભથ્થું/મહિને | | રૂ. ૨૧૦૦૦૦ ફીક્સ + ૫૦૦૦ ખાસ ભથ્થું/મહિને |

Ne.